eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 296
November 25, 2011

## સાઉથ એશિયા ફેડરેશન ઓફ એકાઉન્ટન્ટસ (સાફા) ધ્વારા સુરત મહાનગરપાલિકાને તા. ૨૯/૧૧/૧૧ નાં રોજ ઢાકા ખાતે એવોર્ડ એનાયત થશે

સાઉથ એશિયા ફેડરેશન ઓફ એકાઉન્ટન્ટસના Member Countries માં ભારત, બાંગલાદેશ, નેપાળ, પાકીસ્તાન અને શ્રીલંકા આમ પાંચ દેશોનો "સાફા" માં સમાવેશ થાય છે. જેના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ૧ લી ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન

૧ લી ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિન એ એઈડ્સના અટકાવ અને નિયંત્રણ માટેનાં સંદેશાનો પ્રચાર કરવા માટે ખુબ જ મહત્વનો દિવસ હોય છે. આ દિવસે HIV/AIDS વિરૂધ્ધની લડત માટેના પ્રયત્નોને વધુ વેગ આપવા તથા આ ક્ષેત્રમાં કાર્યરત લોકોમાં પુનઃચેતના પ્રજવલ્લિત કરવાનો મહત્વનો આશય રહેલો છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા હસ્તકનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ ધ્વારા શહેરીજનો–જાહેર જનતાને આગ–અકસ્માત તેમજ એમબ્યુલન્સ શબવાહિનીની ત્વરીત સુવિધા માટે અગત્યના ટેલિફોન નંબરોની માહિતી

સુરત મહાનગરપાલિકા હસ્તકનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગના ફાયર કંટ્રોલ રૂમ ખાતે શહેરીજનો–જાહેર જનતાને આગ–અકસ્માત તેમજ એમબ્યુલન્સ શબવાહિનીની ત્વરીત સુવિધા માટે અનુક્રમે ૧૦૧ અને ૧૦૨ની બે–બે બીએસએનએલની ફ્રી લાઈનો કાર્યરત છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત શહેરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરતા હેરીટેજ પ્રદર્શનનું આયોજન

દુનિયાભરના હેરીટેજ વારસાની જાળવણી માટે પ્રોત્સાહિત કરવા યુનેસ્કો(યુનાઈટેડ નેશન્સ એજયુકેશનલ, સાયન્ટીફીક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) ધ્વારા દર વર્ષે ૧૯ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી વર્લ્ડ હેરીટેજ વીકની ઉજવણી કરવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત સ્વામી વિવેકાનંદ અગિયારમો રાષ્ટ્રીય પુસ્તક મેળો–વિદ્યા ૨૦૧૧,નવમો રાષ્ટ્રીય હોર્ટીકલ્ચર–હર્બલ ફેર અને ફલાવર શો સુમન–૨૦૧૧ તથા ત્રીજો ઈન્ફોર્મેશન ટેકનોલોજી મેળો આઈ.ટી.–૨૦૧૧માં વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૨/૧૧/૨૦૧૧ થી તા.૨૭/૧૧/૨૦૧૧ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આયોજીત સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા ૨૦૧૧" ૯મો રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને ફલાવર શો "સુમન ૨૦૧૧" તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી મેળો "ઉજો આઈ. ટી. ૨૦૧૧" ના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ તથા ગાર્ડન વિભાગ દ્વારા પુષ્પની જાળવણીને લગતી વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૨૨/૧૧/૨૦૧૧ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત અગિયારમો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, નવમો રાષ્ટ્રીય બાગાયત અને હર્બલ મેળો તેમજ ત્રીજો રાષ્ટ્રીય ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી મેળો–૨૦૧૧નો ઉદઘાટન સમારોહ



સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત અગિયારમો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો,નવમો રાષ્ટ્રીય બાગાયત અને હર્બલ મેળો તેમજ ત્રીજો રાષ્ટ્રીય ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી મેળો–૨૦૧૧ તા.૨૩/૧૧/૨૦૧૧ થી તા.૨૭/૧૧/૨૦૧૧ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવનાર છે. જેનું ઉદઘાટન તા.૨૨/૧૧/૨૦૧૧ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સાહિત્યકારશ્રી કાજલ ઓઝા–વૈધનાં વરદહસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત રાજયના રમતગમત વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે પુરા રાજયમાં તા.૨૯/૧૧/૨૦૧૧ થી તા.૨૩/૧૨/૨૦૧૧ દરમ્યાન "ખેલ મહાકુંભ ૨૦૧૧" નું આયોજન

ગુજરાત રાજયના રમતગમત વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે પુરા રાજયમાં તા.૨૯/૧૧/૨૦૧૧ થી તા.૨૩/૧૨/૨૦૧૧ દરમ્યાન "ખેલ મહાકુંભ ૨૦૧૧"નું આયોજન કરવામાં આવનાર છે. જે અંતર્ગત સુરત શહેરનાં ૮ સ્પોર્ટસ ઝોન વિસ્તારમાં તા.૨૯/૧૧/૨૦૧૧ના રોજ કબડ્ડી અને તા.૩૦/૧૧/૨૦૧૧ એ એથ્લેટીકસ, તા.૦૧/૧૨/૨૦૧૧ના રોજ ખો–ખો, તા.૦૨/૧૨/૨૦૧૧ના રોજ વોલીબોલ, તા.૦૩/૧૨/૨૦૧૧ ના રોજ રસ્સાખેંચ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ એશિયા ફેડરેશન ઓફ એકાઉન્ટન્ટસ (સાફા) ધ્વારા સુરત મહાનગરપાલિકાને તા. ૨૯/૧૧/૨૦૧૧ નાં રોજ ઢાકા ખાતે એવોર્ડ એનાયત થશે

સાઉથ એશિયા ફેડરેશન ઓફ એકાઉન્ટન્ટસના Member Countries માં ભારત, બાંગલાદેશ, નેપાળ, પાકીસ્તાન અને શ્રીલંકા આમ પાંચ દેશોનો ''સાફા'' માં સમાવેશ થાય છે. જેના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

1. Co-ordinate and guide efforts to evolve technical, ethical and educational guidelines within the Region.
2. Work towards international recognition of qualifications of accountancy bodies of the Region.
3. Provide opportunities for consultation such as the holding of conferences of accountants within the Region to enable members of the accountancy profession to discuss and interchange ideas and to inform themselves of developments in accounting and related matters;
4. Encourage and assist the development of national accoutancy organizations within the Region, and
5. Arrange exchange programmes for students and teachers so as to expand training opportunities.

સુરત મહાનગરપાલિકા ને ''ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્સ ઓફ ઈન્ડિયા'' નવી દિલ્હી દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૦૯–૨૦૧૦ ના વર્ષ માટેના એન્યુલ રીપોર્ટ માટે (1) Review of Accounting Practice (2) Policy adopted for disclosure & Presentation of Annual Statement (3) Other Information of Annual Reports (4) Accounting Standard, Stautory Guidelines & Relevant procurements આ પેરામીટરોનું મુલ્યાંકન કરી સુરત મહાનગરપાલિકાને ''પ્લેક એવોર્ડ'' જાન્યુઆરી – ૨૦૧૧માં મીનીસ્ટ્રી ઓફ અર્બન અફેર્સ ધ્વારા નવી દિલ્હી ખાતે મેયરશ્રીને એનાયત કરવામાં આવેલ.

સદર એવોર્ડ સાફાના સભ્ય દેશો ધ્વારા જે સંસ્થાને આ પ્રકારનાં એવોર્ડ મળેલ હોય તેવા તમામ સભ્ય દેશોની સંસ્થાઓના એન્યુલ રીપોર્ટસનું

- **Non Financial Corporate Sector:-**
  (1) Manufacturing
  (2) Communication & IT
  (3) Others, Public Sector, hospitality, health, transport, shipping etc.
- **Financial Corporate Sector:-**
  (1) Banking sector subject to prudential supervision.
  (2) Non Banking sector non subject to prudential supervision.

એમ બે વિભાગમાં મુલ્યાંકન કરી સુરત મહાનગરપાલિકાને ''પબ્લીક સેકટર'' માં વીનર એવોર્ડ માટે પસંદ કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબના પેરામીટરના મુલ્યાંકન મુખ્યત્વે ધ્યાનમાં લીધેલ છે.

| **Parameter** | **Score** |
|---|---|
| Corporate Objetives | 05 |
| Report of CEO/Chairman | 15 |
| Disclosure | 20 |
| Stakeholders information | 15 |
| Report presentation | 25 |
| Timeliness in issuing Accounts & holding AGMs | 15 |
| Financial Aspects of Corporate Governance | 5 |
| | **100** |

સદર એવોર્ડ તા. ૨૯–૧૧–૨૦૧૧નાં રોજ ઢાકા ખાતે બાંગલાદેશમાં એનાયત કરવામાં આવનાર છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ૧ લી ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન

૧ લી ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિન એ એઈડ્સના અટકાવ અને નિયંત્રણ માટેનાં સંદેશાનો પ્રચાર કરવા માટે ખુબ જ મહત્વનો દિવસ હોય છે. આ દિવસે HIV/AIDS વિરૂધ્ધની લડત માટેના પ્રયત્નોને વધુ વેગ આપવા તથા આ ક્ષેત્રમાં કાર્યરત લોકોમાં પુનઃચેતના પ્રજવલ્લિત કરવાનો મહત્વનો આશય રહેલો છે સાથે જ આ દિવસ આપણને સમાજમાં એક જન ચેતના જગાડી સ્થાનિક હિત ધારકો અને લોકોમાં આ વિષય પ્રત્યે વધુ સંવેદનશીલ, કાર્યક્ષમ અને કાર્યદક્ષ બનવાનો અવસર પુરો પાડે છે.

આ વર્ષે વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે જે સુત્ર આપ્યું છે તે "Getting to Zero." Zero New HIV Infections. Zero Discrimination and Zero AIDS Related Deaths છે. લોકોમાં HIV/AIDS ની સમજ અને જાગૃતિ લાવવાનો નિર્ધાર અને એચ.આઈ.વી. પોઝીટીવ પ્રત્યે સમાજમાં થતી તિરસ્કાર અને ભેદભાવની લાગણી દૂર કરવાનો આશય સાથે સુરત મહાનગરપાલિકા, ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, સુરત એઈ્ડસ પ્રિવેન્શન કંટ્રોલ યુનિટ, એસ.ટી.ડી.કેર પ્રોજેકટ અને ઈન્ડીયન મેડીકલ એસોસીએશનના સહયોગથી ૧ લી ડિસેમ્બરે વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે વરાછા હેલ્થ સેન્ટર ખાતેથી માનગઢ ચોક સુધી સવારે ૯.૦૦ કલાકે રેલીનું આયોજન તથા સાંજે ૬.૦૦ કલાકે ''જરા ચેતો'' એઈડ્સ સંબધિત નાટકનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૨જી ડિસેમ્બરે બ્લડ ડોનેશન કેમ્પનું અમરોલી કોલેજ ખાતે સવારે ૯.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આ ઉપરાંત ૨૮ નવેમ્બરે સવારે ૧૧ કલાકે કાનજી દેસાઈ હોલ, મ્યુઝીયમ પાસે, ચોક ખાતે આંતર કોલેજ વકતૃત્વ કાર્યક્રમ ધ્વારા યુવાનોને HIV/AIDS ની જાણકારી આપવામાં આવશે.

આ કાર્યક્રમોમાં શાળાના વિદ્યાર્થીઓ, કોલેજના વિદ્યાર્થીઓ HIV/AIDS સંલગ્ન સંસ્થાઓનો સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનો આરોગ્ય વિભાગનો સ્ટાફ હશે. આ કાર્યક્રમ દરમ્યાન પોસ્ટર, બેનર્સ પ્રદર્શન અને HIV/AIDS ની જાગૃતિના હેન્ડ બીલ આપવામાં આવશે. તદઉપરાંત HIV/AIDS સાથે જીવી રહેલા લોકો પોતાના જીવનની સંઘર્ષતા વિશે જણાવશે.

આ કાર્યક્રમોમાં મા. મેયરશ્રી, ડે. મેયરશ્રી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી, નેતાશ્રી શાસકપક્ષ, કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકા, મહાનુભાવો હાજર રહી કાર્યક્રમને દિપાવશે.

TOP

## સુરત મહાનગરપાલિકા હસ્તકનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ ધ્વારા શહેરીજનો–જાહેર જનતાને આગ–અકસ્માત તેમજ એમબ્યુલન્સ શબવાહિનીની ત્વરીત સુવિધા માટે અગત્યના ટેલિફોન નંબરોની માહિતી

સુરત મહાનગરપાલિકા હસ્તકનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગના ફાયર કંટ્રોલ રૂમ ખાતે શહેરીજનો–જાહેર જનતાને આગ–અકસ્માત તેમજ એમબ્યુલન્સ શબવાહિનીની ત્વરીત સુવિધા માટે અનુક્રમે ૧૦૧ અને ૧૦૨ ની બે–બે બીએસએનએલની ફ્રી લાઈનો કાર્યરત છે. શહેરીજનોને જો ૧૦૧ તથા ૧૦૨ની લાઈનો ટેકનીકલ ખરાબીને કારણે ઉપલબ્ધ ન થાય તેવા સંજોગોમાં ફાયર કંટ્રોલ સાથે ત્વરિત જોડાઈ શકાય તે હેતુસર બીએસએનએલનાં લેન્ડલાઈન નંબરો (૧) ૨૪૧૪૧૩૯ (૨) ૨૪૧૪૧૯૫ (૩) ૨૪૧૪૧૯૬ જાહેર કરવામાં આવેલ છે. તેનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરતા હેરીટેજ પ્રદર્શનનું આયોજન

દુનિયાભરના હેરીટેજ વારસાની જાળવણી માટે પ્રોત્સાહિત કરવા યુનેસ્કો(યુનાઈટેડ નેશન્સ એજયુકેશનલ, સાયન્ટીફીક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) દ્વારા દર વર્ષે ૧૯ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી વર્લ્ડ હેરીટેજ વીકની ઉજવણી કરવામાં આવે છે, તે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરતા હેરીટેજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સુરતના વિવિધ ઐતિહાસિક, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક સ્થળો, જુનું સુરત અને નવું સુરત, સુરતના નકશાઓ, સુરત બંદર તેમજ સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યરત પ્રોજેકટ હેરીટેજ સ્કવેર અંતર્ગત કિલ્લાની વિશેષ માહિતી પ્રદર્શિત કરવામાં આવી છે. આ પ્રદર્શન તારીખ ૧૯ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી ખાતે સવારે ૯.૩૦ થી સાંજે ૪.૩૦ સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત સ્વામી વિવેકાનંદ અગિયારમો રાષ્ટ્રીય પુસ્તક મેળો – વિદ્યા ૨૦૧૧,નવમો રાષ્ટ્રીય હોર્ટીકલ્ચર–હર્બલ ફેર અને ફલાવર શો સુમન – ૨૦૧૧ તથા ત્રીજો ઈન્ફોર્મેશન ટેકનોલોજી મેળો આઈ.ટી. – ૨૦૧૧માં વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૨/૧૧/૨૦૧૧ થી તા.૨૭/૧૧/૨૦૧૧ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આયોજીત સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો ''વિદ્યા ૨૦૧૧'' ૯મો રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને ફલાવર શો ''સુમન ૨૦૧૧'' તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી મેળો ''ઉજો આઈ. ટી. ૨૦૧૧'' ના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ તથા ગાર્ડન વિભાગ દ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા કાર્યક્રમોમાં સહભાગી થવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

| તારીખ / વાર | બપોરે ૧૨.૦૦ કલાકે | સાંજે ૭.૩૦ કલાકે |
|---|---|---|
| ૨૨/૧૧/૨૦૧૧<br>મંગળવાર | – | શાળા / સંસ્થાઓનો રંગારંગ કાર્યક્રમ |
| ૨૩/૧૧/૨૦૧૧<br>બુધવાર | નિબંધ સ્પર્ધા( માધ્યમિક વિભાગ) | છખહ ત્થઉભ જનરલ નોલેજ કવીઝ<br>( માધ્યમિક વિભાગ) |
| ૨૪/૧૧/૨૦૧૧<br>ગુરૂવાર | કાર્ડ મેકિંગ કોમ્પીટિશન<br>( માધ્યમિક વિભાગ) | કરાઓકે આધારિત સીંગીંગ કોમ્પીટિશન<br>પ્રાથમિક વિભાગ (૧૫ વર્ષ સુધીના)<br>બપોરે ૧.૦૦ કલાકે<br>માધ્યમિક વિભાગ(૧૫ થી ૨૫ વર્ષના)<br>સાંજે ૫.૦૦ કલાકે<br>ખુલ્લો વિભાગ(૨૫ વર્ષથી ઉપરના)<br>સાંજે ૭.૩૦ કલાકે |
| ૨૫/૧૧/૨૦૧૧<br>શુક્રવાર | ચિત્રકામ સ્પર્ધા<br>( માધ્યમિક / ખુલ્લો વિભાગ) | કલરવ મ્યુઝિકલ એકેડમી(ઓરકેસ્ટ્રા) |
| ૨૬/૧૧/૨૦૧૧<br>શનિવાર | વેશભૂષા સ્પર્ધા (પ્રાથમિક વિભાગ) | પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધા<br>(કોલેજ / ખુલ્લો વિભાગ) |
| ૨૭/૧૧/૨૦૧૧<br>રવિવાર | રંગપુરણી સ્પર્ધા (પ્રાથમિક વિભાગ) | શાળા / સંસ્થાઓનો રંગારંગ કાર્યક્રમ |

TOP

## તા.૨૨/૧૧/૨૦૧૧ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત અગિયારમો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, નવમો રાષ્ટ્રીય બાગાયત અને હર્બલ મેળો તેમજ ત્રીજો રાષ્ટ્રીય ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી મેળો–૨૦૧૧નો ઉદઘાટન સમારોહ






સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત અગિયારમો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, નવમો રાષ્ટ્રીય બાગાયત અને હર્બલ મેળો તેમજ ત્રીજો રાષ્ટ્રીય ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી મેળો–૨૦૧૧ તા.૨૩/૧૧/૨૦૧૧ થી તા.૨૭/૧૧/૨૦૧૧ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવનાર છે. જેનું ઉદઘાટન તા.૨૨/૧૧/૨૦૧૧ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સાહિત્યકારશ્રી કાજલ ઓઝા–વૈધનાં વરદહસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. મા.મેયરશ્રી રાજેન્દ્ર એ.દેસાઈનાં પ્રમુખપદે રાખવામાં આવેલ.

આ કાર્યક્રમની શરૂઆત નૂતન એકેડમીની બાળાઓએ પ્રાર્થના રજુ કરી શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું મોમેન્ટો, શાલ તેમજ યુગપુરૂષ સ્વામી વિવેકાનંદની પુસ્તિકા અર્પણ કરી પધારેલા મહેમાનોનું હાર્દિક ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ મા. કમિશનરશ્રીએ ૧૫૦ મી સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે સુરત મહાનગરપાલિકા પુસ્તક મેળાઓ યોજી સુરત શહેરની જનતાઓને જ્ઞાન અને જાણકારી મળી રહે જે શુભ આશયથી સુરત મહાનગરપાલિકા છેલ્લા ૧૦ વર્ષથી આવા મેળાનું આયોજન કરી સુપારે પાર પાડી રહી છે. તેમજ રાષ્ટ્રીય બાગાયત અને હર્બલ પુષ્પદર્શન મેળો યોજી નગરજનોની જનતાને વિવિધ પ્રકારની ઔષધીય માહિતી મળી રહે તે હેતુસર હર્બલ બાગાયતીના ૫૦ સ્ટોલ તેમજઆઈ.ટી.મેળાના ૩૨ સ્ટોલનું આયોજન કરવામાં આવેલ છે. આ નવમો મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે પુસ્તક મેળાના ૨૩૩ નાના મોટા સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પુસ્તકમેળાના લાગત કુલ ૧૫૧ સ્ટોલ છે. જેમાં વિવિધ પ્રકારના પુસ્તકો, સ્ટેશનરી, શૈક્ષણિક તેમજ આધ્યાત્મિક બાબતોને લગતા પુસ્તકોના વિક્રેતાઓ મુંબઈ,દિલ્હી,નાસિક,અમદાવાદ,વડોદરા તેમજ સ્થાનિક સુરત શહેરના પુસ્તક વિક્રેતાએ ભાગ લીધો હતો. આ પુસ્તક મેળા દરમ્યાન સાંસ્કૃતિક વિભાગ ધ્વારા વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

**Continue …**

આ પ્રસંગે મા. ઉદઘાટકશ્રી  કાજલ ઓઝા–વૈદ્ય એ પ્રાસંગિક પ્રવચન દરમ્યાન પુસ્તક પ્રત્યે મારો બાળપણથી જ નાતો બંધાયેલ છે. એવું જણાવી આ પુસ્તક મેળાનાં આયોજનથી તેઓ ખુબ જ ભાવવિભોર થયા હતા. તેમજ આવા પુસ્તક મેળા આયોજનથી અન્ય મહાનગરપાલિકાઓએ પણ બોધપાઠ લેવો જોઈએ. એવું તેમનું મંતવ્ય વ્યકત કર્યુ હતું. વધુમાં ગુજરાતી ભાષાના લેખકોને પણ ગુજરાતી વાચકો માટે વિશિષ્ટ હળવી શૈલીમાં પુસ્તકોનું આલેખન થાય તે જરૂરી જણાવ્યું હતું. સુરત મહાનગરપાલિકા આવા પુસ્તકો મેળા યોજી સાહિત્ય પ્રત્યે એક અનોખી પ્રતિભા ઉભી કરી છે.

તેમજ આ પ્રસંગે મા.મેયરશ્રીએ ઉદબોધન કરતાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા છેલ્લા ઘણા વર્ષથી આવા પુસ્તકમેળાનું આયોજન કરે છે અને જે આ વર્ષે ૧૫૦ મી સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે પુસ્તક પ્રેમી યુગપુરુષ સ્વામી વિવેકાનંદના રાષ્ટ્રીય પુસ્તક મેળો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી સુરત શહેરની જનતાને આવા જ્ઞાનરૂપી ત્રિવેણી મેળાનો લાભ અવશ્ય લેવા આહવાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશ દલાલે જણાવ્યું હતું કે આવા પુસ્તકમેળાએ ગંગા–જમના–સરસ્વતીની ત્રિવેણી સંગમ ગણાવી આવા પુસ્તકમેળાએ સુરત શહેરના આભુષણ સમાન છે. આવા પુસ્તક મેળા યોજી સુરત શહેરની આગવી ઓળખ ઉભી કરી છે.

તેમજ આ પ્રસંગે શાસકપક્ષના નેતાશ્રી દયાશંકરસિંહે સુરત મહાનગરપાલિકા ધ્વારા યોજવામાં આવેલ પુસ્તકમેળામાં સુરત શહેરની જનતા માટે તેમજ પુસ્તક રસીકો માટે વિવિધ શૈક્ષણિક માર્ગદર્શન અંગેના તેમજ આગવી જાણકારી મળી રહે જે હેતુસરના પુસ્તકોના સ્ટોલો ઉભા કરી સુરત શહેર ગ્રીન સીટી,ડાયમંડ સીટી તેમજ સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઝડપથી વિકાસના પંથે આગળ વધી રહેલ શહેર છે. જેનો દરેક ક્ષેત્રે સર્વાંગી અને સમતોલ વિકાસ થાય તે માટે કટિબદ્ધ છે.

સમારંભના અંતે મા. અધ્યક્ષશ્રી, સમાજકલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતિ ગીતાબેન પટેલે ઉપસ્થિત રહેલ ઉદઘાટકશ્રી, મા. મેયરશ્રી, મા. ડે. મેયરશ્રી, મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી, મા. શાસકપક્ષના નેતાશ્રી, મા. વિરોધપક્ષના નેતાશ્રી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, શાળા સમિતિના સદસ્યશ્રીઓ તેમજ વોર્ડ સદસ્યશ્રીઓ તથા મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીગણો તથા મીડીયાના પ્રતિનિધિઓ તેમજ આમંત્રિત મહેમાનો તથા વરિષ્ઠ નાગરિકો તેમજ શહેરના બુધ્ધિજીવી વર્ગો તેમજ જ્ઞાન રસિક સાહિત્યના નાગરિકો પોતાનો મહામુલ્ય સમય ફાળવી ઉપસ્થિત રહયા હતા. જેઓનું હું ખુબ અંતઃપુર્વક આભાર માનું છું.

TOP

## ગુજરાત રાજયના રમતગમત વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે પુરા રાજયમાં તા.૨૯/૧૧/૨૦૧૧ થી તા.૨૩/૧૨/૨૦૧૧ દરમ્યાન "ખેલ મહાકુંભ ૨૦૧૧" નું આયોજન

ગુજરાત રાજયના રમતગમત વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે પુરા રાજયમાં તા.૨૯/૧૧/૨૦૧૧ થી તા.૨૩/૧૨/૨૦૧૧ દરમ્યાન ''ખેલ મહાકુંભ ૨૦૧૧''નું આયોજન કરવામાં આવનાર છે. જે અંતર્ગત સુરત શહેરનાં ૮ સ્પોર્ટસ ઝોન વિસ્તારમાં તા.૨૯/૧૧/૨૦૧૧ના રોજ કબડ્ડી અને તા.૩૦/૧૧/૨૦૧૧ એ એથ્લેટીકસ, તા.૦૧/૧૨/૨૦૧૧ના રોજ ખો–ખો, તા.૦૨/૧૨/૨૦૧૧ના રોજ વોલીબોલ, તા.૦૩/૧૨/૨૦૧૧ ના રોજ રસ્સાખેંચ, તા.૦૪/૧૨/૨૦૧૧ ના રોજ શુટીંગ બોલ, તા.૦૫/૧૨/૨૦૧૧ ના રોજ ચેસ, તા.૦૬/૧૨/૨૦૧૧ના રોજ યોગાસન દરેક ઝોનમાં અગાઉથી નિર્ધારિત થયેલ સ્થળોએ યોજવામાં આવશે. જેના વિજેતાઓ જીલ્લા કક્ષાએ હરીફાઈમાં ભાગ લેશે.

ઉપરાંત શહેરની ઝોન કક્ષાની રમતમાં થયેલ વિજેતાઓ અને જીલ્લામાંથી થયેલ વિજેતાઓની જીલ્લા કક્ષાની બેડમિન્ટન, બાસ્કેટ બોલ, ફુટબોલ, લોન ટેનિસ, સ્કેટીંગ, હોકી, ટેબલ ટેનિસ, સ્વીમીંગ, તિરંદાજી, જુડો, રસ્સાખેંચ, કુસ્તી, હેન્ડબોલ, ખો ખો, શુટીંગબોલ, કબડ્ડી, વોલીબોલ, ચેસ, એથ્લેટીકસ અને યોગાની સ્પર્ધાઓ તા.૨૯/૧૧/૨૦૧૧થી તા.૧૨/૧૨/૨૦૧૧ દરમ્યાન આ સાથે સામેલ યાદી મુજબ યોજવામાં આવશે.

ત્યારબાદ રાજયકક્ષાની વિવિધ રમતોની સેમીફાયનલો પૈકી સુરત ખાતે વોલીબોલ અને સ્વીમીંગની સ્પર્ધા તા.૧૫/૧૨/૨૦૧૧ થી તા.૨૦/૧૨/૨૦૧૧ દરમ્યાન યોજવામાં આવશે.

ઉપરોકત બંને સ્પર્ધાઓનો વિગતવાર કાર્યક્રમ આ સાથે સામેલ છે. સવારના સેશનની તમામ સ્પર્ધાઓ સવારે ૭.૩૦ કલાકે અને બપોરના સેશનની તમામ સ્પર્ધાઓ બપોરે ૧.૦૦ કલાકથી શરૂ થશે. રજીસ્ટર્ડ થયેલ તમામ સ્પર્ધકોએ જે તે રમતના સ્થળે સમયસર હાજર રહેવા વિનંતી. તથા શહેરની રમતપ્રેમી જાહેર જનતાને સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા આ રમતોત્સવમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

**<u>ખેલ મહાકુંભ–૨૦૧૧</u>**

**તમામ સ્પર્ધા સવારે ૭.૩૦ કલાકે શરૂ થશે.**

**સુરત શહેર સેન્ટ્રલ ઝોન કક્ષાની રમતો**

| તારીખ | રમત | રમતનું સ્થળ |
|---|---|---|
| ૨૯/૧૧/૨૦૧૧ | કબડ્ડી | શાળા નં.૮,૯, મજુરા ગેટ, સુરત. |
| ૩૦/૧૧/૨૦૧૧ | એથ્લેટીકસ | ભાણકી સ્ટેડિયમ, મોરાભાગળ, રાંદેર, સુરત. |
| ૦૧/૧૨/૨૦૧૧ | ખો – ખો | શાળા નં.૮,૯, મજુરા ગેટ, સુરત. |
| ૦૨/૧૨/૨૦૧૧ | વોલીબોલ | સર.જે.જે.ઈંગ્લીશ સ્કુલ, શાહપોર, સુરત. |
| ૦૩/૧૨/૨૦૧૧ | રસ્સાખેંચ | |
| ૦૪/૧૨/૨૦૧૧ | શુટીંગબોલ | |
| ૦૫/૧૨/૨૦૧૧ | ચેસ | |
| ૦૬/૧૨/૨૦૧૧ | યોગાસન | |

**કાર્યપાલક ઈજનેરશ્રી એન.કે.પરમાર–૯૭૨૪૩૪૫૨૧૪, શ્રી ડી.એમ.પટેલ–૯૭૨૪૩૪૫૨૧૦**

**ડે.ઈજનેરશ્રી આર.સી.પટેલ–૯૭૨૪૩૪૫૫૭૦**

---

Continue …

**ખેલ મહાકુંભ–૨૦૧૧**

**તમામ સ્પર્ધા સવારે ૭.૩૦ કલાકે શરૂ થશે.**

**સુરત શહેર વરાછા ઝોન કક્ષાની રમતો**

| તારીખ | રમત | રમતનું સ્થળ |
|---|---|---|
| ૨૯/૧૧/૨૦૧૧ | કબડ્ડી | પી.પી.સવાણી વિદ્યાભવન, હીરાબાગ, જલક્રાંતિ મેદાન, વરાછા, સુરત. |
| ૩૦/૧૧/૨૦૧૧ | એથ્લેટીક્સ | એમ.એન.જે.પટેલ મા.ઉ.મા. હાઈસ્કુલ, કાપોદ્રા પોલીસ સ્ટેશનની સામે, વરાછા રોડ, સુરત |
| ૦૧/૧૨/૨૦૧૧ | ખો – ખો | સરસ્વતી વિદ્યાલય, અશ્વિની કુમાર રોડ, વરાછા |
| ૦૨/૧૨/૨૦૧૧ | વોલીબોલ | સાધના વિદ્યાલય, સિદ્ધ કુટીર, કાપોદ્રા પોલીસ સ્ટેશનની સામે, વરાછા રોડ, સુરત. |
| ૦૩/૧૨/૨૦૧૧ | રસ્સાખેંચ | સુમન હાઈસ્કુલ – ૨, મોહનની ચાલ, વરાછા રોડ, સુરત. |
| ૦૪/૧૨/૨૦૧૧ | શુટીંગબોલ | આદર્શ નિવાસી શાળા, સરથાણા જકાતનાકા, સુરત. |
| ૦૫/૧૨/૨૦૧૧ | ચેસ | શ્રીમતી એલ.પી.ડી. પટેલ સાર્વજનિક વિદ્યાલય, પૂણાગામ, સુરત. |
| ૦૬/૧૨/૨૦૧૧ | યોગાસન | સુરત ડાયમંડ એસીસીએશન ગર્લ્સ હાઈસ્કુલ, કાપોદ્રા પોલીસ સ્ટેશનની સામે, વરાછા, સુરત. |

**કાર્યપાલક ઈજનેરશ્રી પી.ડી.મુનશી–૯૭૨૪૩૪૫૪૩૪, શ્રી આર.વી.ગામીત–૯૭૨૪૩૪૫૨૧૨**
**ડે.ઈજનેરશ્રી એચ.એચ.ગજજર–૯૭૨૪૩૪૫૪૫૩**

---

**ખેલ મહાકુંભ–૨૦૧૧**

**તમામ સ્પર્ધા સવારે ૭.૩૦ કલાકે શરૂ થશે.**

**સુરત શહેર લીંબાયત ઝોન કક્ષાની રમતો**

| તારીખ | રમત | રમતનું સ્થળ |
|---|---|---|
| ૨૯/૧૧/૨૦૧૧ | કબડ્ડી | **બહેનો** – તારા વિદ્યામંદિર હાઈસ્કુલ, ભાઠેના, સુરત.<br>**ભાઈઓ** – ન્યુ મોડેલ સ્કુલ, ભાઠેના ,સુરત. |
| ૩૦/૧૧/૨૦૧૧ | એથ્લેટીક્સ | મહર્ષિ આસ્તિક સાર્વજનિક હાઈસ્કુલ, ગોડાધરા, સુરત. |
| ૦૧/૧૨/૨૦૧૧ | ખો – ખો | તારા વિદ્યામંદિર હાઈસ્કુલ, ભાઠેના, આંજણા, સુરત. |
| ૦૨/૧૨/૨૦૧૧ | વોલીબોલ | |
| ૦૩/૧૨/૨૦૧૧ | રસ્સાખેંચ | |
| ૦૪/૧૨/૨૦૧૧ | શુટીંગબોલ | |
| ૦૫/૧૨/૨૦૧૧ | ચેસ | |
| ૦૬/૧૨/૨૦૧૧ | યોગાસન | |

**ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એ.હરપ્લાની–૯૭૨૪૩૪૫૪૧૭,**
**ડે.ઈજનેરશ્રી એન.એલ.પટેલ–૯૭૨૪૩૪૫૪૩૫,ડે.ટાઉનપ્લાનરશ્રી ડી.આર.શેઠ–૯૭૨૪૩૪૫૪૬૪**

---

Continue …

## **ખેલ મહાકુંભ–૨૦૧૧**

**તમામ સ્પર્ધા સવારે ૭.૩૦ કલાકે શરૂ થશે.**

**સુરત શહેર ડુમસ ઝોન કક્ષાની રમતો**

| **તારીખ** | **રમત** | **રમતનું સ્થળ** |
|---|---|---|
| ૨૯/૧૧/૨૦૧૧ | કબડ્ડી | કે.જી.પીઠાવાલા હાઈસ્કુલ, સુલતાનાબાદ, સુરત. |
| ૩૦/૧૧/૨૦૧૧ | એથ્લેટીકસ | જ્ઞાનદીપ વિદ્યાલય, આભવા, સુરત. |
| ૦૧/૧૨/૨૦૧૧ | ખો – ખો | જ્ઞાનદીપ વિદ્યાલય, આભવા, સુરત. |
| ૦૨/૧૨/૨૦૧૧ | વોલીબોલ | શારદાયતન હાઈસ્કુલ, પીપલોદ, સુરત. |
| ૦૩/૧૨/૨૦૧૧ | રસ્સાખેંચ | જ્ઞાનદીપ વિદ્યાલય, આભવા, સુરત. |
| ૦૪/૧૨/૨૦૧૧ | શુટીંગબોલ | શારદાયતન હાઈસ્કુલ, પીપલોદ, સુરત. |
| ૦૫/૧૨/૨૦૧૧ | ચેસ | દિલ્હી પબ્લિક સ્કુલ, ડુમસ રોડ, સુરત. |
| ૦૬/૧૨/૨૦૧૧ | યોગાસન | સી.બી.ભંડારી હાઈસ્કુલ, મગદલ્લા, સુરત. |

**કાર્યપાલક ઈજનેર અને ઈ.ચા.એડી.સીટી ઈજનેરશ્રી એ.જી.ખાટીવાલા–૯૭૨૪૩૪૫૨૧૩,**
**ડે.ઈજનેરશ્રી જી.કે.દેસાઈ–૯૭૨૪૩૪૫૪૫૧**

---

## **ખેલ મહાકુંભ–૨૦૧૧**

**તમામ સ્પર્ધા સવારે ૭.૩૦ કલાકે શરૂ થશે.**

**સુરત શહેર કતારગામ ઝોન કક્ષાની રમતો**

| **તારીખ** | **રમત** | **રમતનું સ્થળ** |
|---|---|---|
| ૨૯/૧૧/૨૦૧૧ | કબડ્ડી | શ્રીમતી વી.ડી.એન શાહ માધ્યમિક શાળા,ગોધાણી સર્કલની સામે, કતારગામ, સુરત. |
| ૩૦/૧૧/૨૦૧૧ | એથ્લેટીકસ | ગુરૂકુળ વિદ્યાપીઠ, ન.વ્ર.ધમણવાલા ગુ.મા.શાળા, સુમુલ ડેરી રોડ, સુરત. |
| ૦૧/૧૨/૨૦૧૧ | ખો ખો | **ભાઈઓ** – શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય, ગુરૂકુળ રોડ, વેડ, સુરત. |
| | | **બહેનો** – શ્રી અખંડ આનંદ વિદ્યાભવન ટ્રસ્ટ, કતારગામ રોડ, સુરત. |
| ૦૨/૧૨/૨૦૧૧ | વોલીબોલ | શ્રીમતી એસ.એચ. ગજેરા હાઈસ્કુલ, અમરોલી રોડ, કતારગામ, સુરત. |
| ૦૩/૧૨/૨૦૧૧ | રસ્સાખેંચ | ગુરૂકુળ કુમાર વિદ્યાલય, કાંસાનગર, કતારગામ જીઆઈડીસી, સુરત. |
| ૦૪/૧૨/૨૦૧૧ | શુટીંગબોલ | શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય, ગુરૂકુળ રોડ, વેડ, સુરત. |
| ૦૫/૧૨/૨૦૧૧ | ચેસ | શ્રી કસ્તૂરબા વિદ્યાભવન, નાની બહુચરાજી, રામજી નગર, વેડ રોડ, સુરત. |
| ૦૬/૧૨/૨૦૧૧ | યોગાસન | શ્રી એચ. જે. ગજેરા અંગ્રેજી મા. શાળા, અમરોલી રોડ, કતારગામ, સુરત. |

**સુરત શહેર જીલ્લા કક્ષાની રમતો (કતારગામ ઝોન)**

| **તારીખ** | **રમત** | **રમતનું સ્થળ** |
|---|---|---|
| ૦૩/૧૨/૨૦૧૧ | સ્કેટીંગ | જરીવાલા કમ્પાઉન્ડ, સ્કેટીંગ રીંગ, કતારગામ, સુરત. |
| ૧૦/૧૨/૨૦૧૧ | વોલીબોલ | ગજેરા વિદ્યાલય, કતારગામ, સુરત. |
| ૧૨/૧૨/૨૦૧૧ | યોગા | ગજેરા વિદ્યાલય, કતારગામ, સુરત. |

**કાર્યપાલક ઈજનેરશ્રી જયદીપસિંહ એમ.ચૌહાણ–૯૭૨૪૩૪૫૨૦૨,**
**ડે.ઈજનેરશ્રી ડી.ડી.ક્રિશ્નન–૯૭૨૪૩૪૫૪૨૬**

---

**Continue …**

**ખેલ મહાકુંભ–૨૦૧૧**

**તમામ સ્પર્ધા સવારે ૭.૩૦ કલાકે શરૂ થશે.**

**સુરત શહેર ઉધના ઝોન કક્ષાની રમતો**

| તારીખ | રમત | રમતનું સ્થળ |
|---|---|---|
| ૨૯/૧૧/૨૦૧૧ | કબડ્ડી | ઉદ્યોગભારતી હાઈસ્કુલ, પાંડેસરા, સુરત. |
| ૩૦/૧૧/૨૦૧૧ | એથ્લેટીકસ | |
| ૦૧/૧૨/૨૦૧૧ | ખો – ખો | |
| ૦૨/૧૨/૨૦૧૧ | વોલીબોલ | આર.એન.નાયક હાઈસ્કુલ, ઉધના, સુરત. |
| ૦૩/૧૨/૨૦૧૧ | રસ્સાખેંચ | આઈ.જી.દેસાઈ વિદ્યાલય, ભટાર ચાર રસ્તા, સુરત. |
| ૦૪/૧૨/૨૦૧૧ | શુટીંગબોલ | આર.એન.નાયક હાઈસ્કુલ, ઉધના, સુરત. |
| ૦૫/૧૨/૨૦૧૧ | ચેસ | આઈ.જી.દેસાઈ વિદ્યાલય, ભટાર ચાર રસ્તા, સુરત. |
| ૦૬/૧૨/૨૦૧૧ | યોગાસન | ઉદ્યોગભારતી હાઈસ્કુલ, પાંડેસરા, સુરત. |

**કાર્યપાલક ઈજનેરશ્રી ડી.સી.ગાંધી–૯૭૨૪૩૪૫૨૦૯,**

**ડે.ઈજનેરશ્રી ડી.વી.ચૌધરી–૯૭૨૪૩૪૫૪૧૮**

---

**ખેલ મહાકુંભ–૨૦૧૧**

**તમામ સ્પર્ધા સવારે ૭.૩૦ કલાકે શરૂ થશે.**

**સુરત શહેર અઠવા ઝોન કક્ષાની રમતો**

| તારીખ | રમત | રમતનું સ્થળ |
|---|---|---|
| ૨૯/૧૧/૨૦૧૧ | કબડ્ડી | **ભાઈઓ** – સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, અઠવાગેટ, સુરત. |
| | | **બહેનો** – વનિતા વિશ્રામ સ્કુલ, અઠવાગેટ, સુરત. |
| ૩૦/૧૧/૨૦૧૧ | એથ્લેટીકસ | સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, અઠવાગેટ, સુરત. |
| ૦૧/૧૨/૨૦૧૧ | ખો – ખો | **બહેનો** – સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, અઠવાગેટ, સુરત. |
| | | **ભાઈઓ** – વનિતા વિશ્રામ સ્કુલ, અઠવાગેટ, સુરત. |
| ૦૨/૧૨/૨૦૧૧ | વોલીબોલ | સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, અઠવાગેટ, સુરત. |
| ૦૩/૧૨/૨૦૧૧ | રસ્સાખેંચ | લુર્ડઝ કોન્વેન્ટ સ્કુલ, ઘોડદોડ રોડ, સુરત. |
| ૦૪/૧૨/૨૦૧૧ | શુટીંગબોલ | ટી.એન્ડ ટી.વી. સ્કુલ, અઠવાગેટ, સુરત. |
| ૦૫/૧૨/૨૦૧૧ | ચેસ | શેઠશ્રી પી.એચ.બચકાનીવાલા સ્કુલ, અઠવાગેટ, સુરત. |
| ૦૬/૧૨/૨૦૧૧ | યોગાસન | રૂ.સી.મા.પૂણાવાલા એકસપરિમેન્ટલ સ્કુલ, અઠવાલાઈન્સ, સુરત. |

**સુરત શહેર જીલ્લા કક્ષાની રમતો (અઠવા ઝોન)**

| તારીખ | રમત | રમતનું સ્થળ |
|---|---|---|
| ૨૯/૧૧/૨૦૧૧<br>૩૦/૧૧/૨૦૧૧ | બેડમિન્ટન | પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ, ઘોડદોડ રોડ, સુરત. |
| ૨૯/૧૧/૨૦૧૧ | બાસ્કેટબોલ | **અન્ડર–૧૬ ભાઈઓ/બહેનો** –સેંટ ઝેવિયર્સ સ્કુલ,ઘોડદોડ રોડ,સુરત.<br>**ઓપન વિભાગ–ભાઈઓ/બહેનો** કે.પી.કોમર્સ કોલેજ, અઠવાલાઈન્સ, સુરત. |
| ૦૨/૧૨/૨૦૧૧ | લોનટેનીસ | સેન્ટ ઝેવિયર્સ હાલસ્કુલ, ઘોડદોડ રોડ, સુરત. |
| ૦૮/૧૨/૨૦૧૧ | કુસ્તી | રાયન ઈન્ટરનેશનલ સ્કુલ, રૂંઢનાથ મહાદેવ પાસે, ડુમસ રોડ, સુરત. |
| ૦૯/૧૨/૨૦૧૧ | ખો ખો | ન.પ્રા.શાળા નં. ૮,૯, આઈ.ટી.આઈ.ની પાછળ, મજુરા ગેટ , સુરત. |
| ૦૯/૧૨/૨૦૧૧ | શુટીંગબોલ | શારદાયતન હાઈસ્કુલ, પીપલોદ, સુરત. |
| ૧૦/૧૨/૨૦૧૧ | કબડ્ડી | ન.પ્રા.શાળા નં. ૮,૯, આઈ.ટી.આઈ.ની પાછળ, મજુરા ગેટ , સુરત. |
| ૧૧/૧૨/૨૦૧૧ | ચેસ | દિલ્હી પબ્લિક સ્કુલ, ડુમસ રોડ, સુરત. |

**કાર્યપાલક ઈજનેર અને ઈ.ચા.એડી.સીટી ઈજનેરશ્રી એ.જી.ખાટીવાલા–૯૭૨૪૩૪૫૨૧૩,**

**ડે.ઈજનેરશ્રી જી.કે.દેસાઈ–૯૭૨૪૩૪૫૪૫૧**

---

Continue …

## ખેલ મહાકુંભ–૨૦૧૧

**તમામ સ્પર્ધા સવારે ૭.૩૦ કલાકે શરૂ થશે.**

**સુરત શહેર રાંદેર ઝોન કક્ષાની રમતો**

| તારીખ | રમત | રમતનું સ્થળ |
|---|---|---|
| ૨૯/૧૧/૨૦૧૧ | કબડ્ડી | સરદાર પટેલ સ્કુલ, પાલ, સુરત. |
| ૩૦/૧૧/૨૦૧૧ | એથ્લેટીકસ | બોટાવાલા હોસ્ટેલ ગ્રાઉન્ડ, મોરાભાગળ, રાંદેર, સુરત. |
| ૦૧/૧૨/૨૦૧૧ | ખો – ખો | પીપરડીવાલા સ્કુલ, રાંદેર, સુરત. |
| ૦૨/૧૨/૨૦૧૧ | વોલીબોલ | લોકમાન્ય વિદ્યાલય, રાંદેર, સુરત.<br>સંસ્કારભારતી વિદ્યાલય, પાલનપુર પાટીયા, સુરત.<br>રાયન ઈન્ટરનેશનલ સ્કુલ, અડાજણ પાટિયા, સુરત. |
| ૦૩/૧૨/૨૦૧૧ | રસ્સાખેંચ | પીપરડીવાલા સ્કુલ, રાંદેર, સુરત. |
| ૦૪/૧૨/૨૦૧૧ | શુટીંગબોલ | અડાજણ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, આનંદમહલ રોડ, અડાજણ, સુરત.<br>રાયન ઈન્ટરનેશનલ સ્કુલ, અડાજણ પાટિયા, સુરત. |
| ૦૫/૧૨/૨૦૧૧ | ચેસ | પીપરડીવાલા સ્કુલ, રાંદેર, સુરત. |
| ૦૬/૧૨/૨૦૧૧ | યોગાસન | એલ.બી.કોન્ટ્રાકટર સ્કુલ, પેટ્રોલપંપની સામે, જહાંગીરપુરા, સુરત. |

**સુરત શહેર જીલ્લા કક્ષાની રમતો (રાંદેર ઝોન)**

| તારીખ | રમત | રમતનું સ્થળ |
|---|---|---|
| ૦૧/૧૨/૨૦૧૧<br>૦૨/૧૨/૨૦૧૧ | ફૂટબોલ | બોટાવાલા ગ્રાઉન્ડ –ભાણકી સ્ટેડીયમ – આર.આઈ.જી. – રાંદેર, સુરત. |
| ૦૪/૧૨/૨૦૧૧ | હોકી | સુરત મહાનગરપાલિકા સ્પોટર્સ પ્લે ગ્રાઉન્ડ, ટીજીબી રેસ્ટોરન્ટની પાસે, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત. |
| ૦૫/૧૨/૨૦૧૧ | ટેબલ ટેનિસ | આર.આઈ.જી., રાંદેર, સુરત. |
| ૦૬/૧૨/૨૦૧૧ | સ્વીમીંગ | વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ, સુરત. |
| ૦૭/૧૨/૨૦૧૧ | તિરંદાજી | ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ, રાંદેર, સુરત. |
| ૦૭/૧૨/૨૦૧૧ | જુડો | એલ.એન.બી.દાળિયા હાઈસ્કુલ, અડાજણ, સુરત. |
| ૦૭/૧૨/૨૦૧૧ | રસ્સાખેંચ | ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ, રાંદેર, સુરત. |
| ૦૮/૧૨/૨૦૧૧ | હેન્ડ બોલ | સુરત મહાનગરપાલિકા સ્પોટર્સ પ્લે ગ્રાઉન્ડ, ટીજીબી રેસ્ટોરન્ટની પાસે, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત. |
| ૧૧/૧૨/૨૦૧૧ | એથ્લેટીકસ | બોટાવાલા હોસ્ટેલ ગ્રાઉન્ડ, મોરાભાગળ, રાંદેર, સુરત. |

**કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એમ.જરીવાલા–૯૭૨૪૩૪૫૨૧૧,**
**ડે.ઈજનેરશ્રી સી.બી.વસાવા–૯૭૨૪૩૪૫૪૧૯**

---

TOP